# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-02-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ભારત રણ ભૂમિ કાર રેલી

**ભારતીય સેના, વાયુસેના, નૌસેના અને બી.એસ.એફ.ના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ભારત રણ ભૂમિ કાર રેલી' ગઇકાલે માધાપર આવી પહોંચતા સ્વાગત કરાયૂં હતું. દ્વારકાથી શરૂ થયેલી 16થી વધુ કાર રેલીમાં 55 જવાનો સામેલ છે. આ રેલીનું માધાપર મેમોરિયલ ખાતે કરવામાં આવ્યું હતું, જ્યાં જવાનોએ ૧૯૭૧ની વીરાંગનાઓ સાથે મુલાકાત કરી રાષ્ટ્રની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. ત્યારબાદ સાંજે સ્મૃતિવન મેમોરિયલ ખાતે રેલીનું ફ્લેગ-ઈન કરવામાં આવ્યું હતું. ઓડિટોરિયમમાં યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં સશસ્ત્ર દળોના અધિકારીઓએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. મેજર જનરલ અરવિંદ યાદવના માર્ગદર્શન હેઠળ નીકળેલી આ કાર રેલી ૩૪૦૦ કિમીનું અંતર કાપી દિલ્હી વીર મેમોરિયલ ખાતે સંપન્ન થશે. આ કાર રેલીના ઉદેશ્ય અંગે વાત કરતા મેજર જનરલ અરવિંદ યાદવે આ પ્રમાણે કહ્યું.**

**(બાઇટ : અરવિંદ યાદવ)**

**---------------------------------------------------------------------------**

## ભારતીય સેના દ્વારા નેત્રરોગ નિદાન કેમ્પ

**ભારતીય સેનાના આઉટરીચ કાર્યક્રમ હેઠળ ભુજ લશ્કરી હોસ્પિટલ ખાતે ત્રિદિવસીય નેત્રરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં કચ્છના અંતરિયાળ સરહદી વિસ્તારોના અંદાજે ૨૫૦૦ લોકોએ લાભ લીધો હતો. સધર્ન કમાન્ડના લેફ્ટનન્ટ જનરલ ધીરજ શેઠે રૂબરૂ મુલાકાત લઈ દર્દીઓના ખબર-અંતર પૂછ્યા હતા.**

નવી દિલ્હીની આર્મી હોસ્પિટલના પ્રખ્યાત સર્જન બ્રિગેડિયર સંજીવકુમાર મિશ્રાના નેતૃત્વમાં નિષ્ણાત તબીબી ટીમે સેવાઓ આપી હતી. આ શિબિરમાં શહીદ પરિવારો, આશ્રિતો અને સ્થાનિક નાગરિકોનું સ્ક્રીનિંગ કરી જરૂરી સારવાર પૂરી પાડવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## શેખડિયામાં વિકાસકામોનું ખાતમુહૂર્ત

મુંદરા તાલુકાના શેખડિયા ગામ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં માંડવી-મુંદરાના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેના હસ્તે રૂપિયા **2.35** કરોડના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં રૂપિયા **70** લાખના ખર્ચે બનેલી નવી પ્રાથમિક શાળાનું લોકાર્પણ અને રૂપિયા **40** લાખના ખર્ચે શેખડિયા એપ્રોચ રોડનું કામ સામેલ છે.કાર્યક્રમ દરમિયાન શેખડિયા, નવીનાળ અને બરાયા સહિત કુલ **11** ગામોમાં નવા પંચાયત ઘરોનું ખાતમુહૂર્ત કરાયું હતું.

---------------------------------------------------------------------------------------

## મુન્દ્રામાં સ્વરક્ષણ અને રાઇફલ શૂટિંગ તાલિમ

મહિલા સશક્તિકરણને વેગ આપવા માટે મુંદરામાં ૧૫ દિવસીય સ્વરક્ષણ અને રાઈફલ શૂટિંગ તાલીમ શિબિરનું સફળતાપૂર્વક સમાપન થયું હતું. પશ્ચિમ કચ્છ પોલીસના સુરક્ષા સેતુ પ્રોજેક્ટ હેઠળ યશ ફાઉન્ડેશન અને એજ્યુકેશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા આયોજિત આ શિબિરમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થિનીઓ અને ૧૧૦ મહિલાઓ તાલીમબદ્ધ થઈ હતી.

મુંદરાની વિવિધ શાળાઓ અને વિસ્તારોમાં યોજાયેલી આ તાલીમમાં બહેનોને રાઈફલ શૂટિંગના કૌશલ્યો પણ શીખવવામાં આવ્યા હતા. તાલીમ પૂર્ણ કરનાર તમામને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## ભુજ પાલિકામાં મુખ્ય અધિકારીની વરણી

રાજ્યના શહેરી વિકાસ વિભાગ દ્વારા ભુજ નગરપાલિકામાં કાયમી મુખ્ય અધિકારી તરીકે ટ્વિંકલ પટેલની નિમણૂક કરવામાં આવી છે. લાંબા સમયથી આ પદ ખાલી હોવાથી પ્રાંત અધિકારી અનિલ જાદવ વધારાનો હવાલો સંભાળતા હતા, જેમને હવે મુક્ત કરવામાં આવ્યા છે. કાયમી અધિકારીની ગેરહાજરીમાં શહેરના વહીવટી કાર્યો અને અરજદારોને પડતી મુશ્કેલીઓનો હવે અંત આવશે. ગોંડલથી બદલી થઈને આવતા ટ્વિંકલ પટેલની નિમણૂકથી નગરપાલિકાના વહીવટમાં ગતિશીલતા આવવાની આશા સેવાઈ રહી છે.

---------------------------------------------------------------------------------------------

## રાપર પોલીસ મથકનું વાર્ષિક ઇન્સ્પેકશન

પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર દ્વારા રાપર પોલીસ મથકનું વાર્ષિક ઇન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન એસપીએ શિસ્તબદ્ધ પરેડ નિહાળી દફતરી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે કલ્યાણપર અને ત્રિકમ નગરની મુલાકાત લઈ લોકોના પ્રશ્નો સાંભળ્યા હતા. શાળાઓ પાસે રોમિયોગીરી ડામવા 'સ્પેશિયલ સ્ક્વોડ' બનાવવાની રજૂઆત પર તેમણે કડક કાર્યવાહીના આદેશ આપ્યા હતા

---------------------------------------------------------------------------------------------